(એકિકૃત તપાસ ફોર્મ-I)/I.I.F.-I

# FIRST INFORMATION REPORT
## પ્રથમ માહિતી અહેવાલ

(Under Section 173 B.N.S.S)
(ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 173 હેઠળ)

1 District (જીલ્લો): અરવલ્લી | Police Station (પોલીસ સ્ટેશન): ભીલોડા | Year (વર્ષ): 2025 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક): 11188003250490 | Date (તારીખ): 02/07/2025

2 (i) Act (અધિનિયમ): બી.એન.એસ | Sections (કલમો): 316(4)

3 (a) Occurrence of offence:
(ક) (ગુન્હો બન્યાનો સમયગાળો)

Day. (દિવસ): શુક્રવાર | Date from (તારીખથી): 10/11/2023 | Date to (તારીખ સુધી): 07/04/2025

Time Period (સમયગાળો) | Time from (કલાકથી): 06:00 | Time to (કલાક સુધી): 18:00

(b) Information received at PS: (ખ) (પોલીસ મથકે માહિતી મળ્યા) | Date (તારીખ): 02/07/2025 | Time (સમય): 17:40

(c) General Diary (ગ) Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) | Time (સમય)

4 Type of Information: (માહિતીનો પ્રકાર) મૌખિક

5 Place of Occurrence:
(ઘટનાનું સ્થળ)

(a) Direction and distance from P.S. (ક) (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): પૂર્વ ,1.00 (કિ.મી.) | Beat No. (બીટ નંબર)

(b) Address (ખ) (સરનામું): ગામ. ભિલોડા,
તા. ભીલોડા,
જી. અરવલ્લી,
મોજે ભિલોડા જુલેલાલ મંદીરની સામે માણેકબા સોસાયટી નારસોલી રોડ.

(c) In case, outside the limit of this Police Station, then
(ગ) (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant:
(ફરિયાદી / બાતમીદાર)

(a) Name (ક) (નામ): શૈલેષકુમાર સન.ઓ | (b) (ખ) સુફરાભાઇ રામાભાઇ ડામોર

| | | | | |
|---|---|---|---|---|
| | | સુફરાભાઇ રામાભાઇ ડામોર | Father's/Husband's Name (પિતા/પતિનું નામ) | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | 31 | (d) (ઘ) Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ડ) | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | અન્ય | (g) (છ) Address (સરનામું) | ગામ. રાયાવાડા, તા. મેઘરજ, જી. અરવલ્લી, હાલ રહેવાસી :જુલેલાલ મંદીરની સામે આવેલ માણેકબા સોસાયટી પુરૂસોત્તમદાસ સિંધિના મકાન નં-૫ ગ્રાઉન્ડ ફ્લોરતા:ભિલોડા, જી.અરવલ્લી. |

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age (Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | મેહુલભાઇ મુકેશભાઇ જાતે ચૌહાણ | 24 | ગામ. અંબાગામ, તા. બાયડ, જી. અરવલ્લી, ટોટુ-ર,આંબાગામ. |
| (2) | તુલસીંભાઇ ગમારભાઇ ખાંટ | 29 | ગામ. ઉભરાણ, તા. માલપુર, જી. અરવલ્લી, હાથી-ખાંટના મુવાડા(ઉભરાણ), . |
| (3) | શૈલેષકુમાર દિનેશભાઇ જાતે પરમાર | 24 | ગામ. વાસણા, તા. કપડવંજ, જી. ખેડા, ડાન્ઠીયાપુર વ્યાસ-વાસણા. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

ત અવા રાત ક,આ કામના આરાપાઆઅ સ્પદના સ્ફુાત ફાઇનાાન્સયલ ાલમાટડ નામના પ્રાઇવટ ફાઇનાાન્સકપનાના લાન
ઓફિસર તરીકે આરોપી નંબર(૧)નાઓએ ગઇ તા.૧૦/૧૧/૨૦૨૩ થી તા.૧૦/૦૯/૨૦૨૪ સુધીના કુલ રૂ.૩,૫૫,૭૪૦ તથા આરોપી
(૨) નાએ ગઇ તા.૧૦/૧૧/૨૦૨૩ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સુધીના કુલ રૂ.૪,૫૨,૪૪૦ તથા આરોપી (૩)નાએગઇ તા.૦૨/૧૦/૨૦૨૪
થી તા.૦૭/૦૪/૨૦૨૫ સુધીના કુલ રૂ.૨,૬૨,૨૪૨ એમ કુલ રૂ.૧૦,૭૦,૪૨૨ ની રકમ આરોપીઓએ કંપનીમાં જમાં નહી કરાવી,
પોતાના અંગત વપરાશ સારૂ ઉપયોગ કરી, કંપની સાથે વિશ્વાસઘાત કરીગુન્હો કર્યા વિ.બાબત.

**Complaint(ફરિયાદ)**

તા - ૦૨/૦૭/૨૦૨૫
મારૂ નામ શૈલેષકુમાર સન/ઓ સુફરાભાઇ રામાભાઇ જાતે-ડામોર ધંધો - પ્રાઇવેટ નોકરી (ક્લસ્ટર મેનેજર) મુળ રહેવાસીગામ
-રાયાવાડા, તા-મેઘરજ, જી-અરવલ્લી હાલ રહેવાસી -જુલેલાલ મંદીરની સામે આવેલ માણેકબા સોસાયટી, પુરૂસોત્તમદાસ
સિંધિના મકાન નંબર-૫, ગ્રાઉન્ડ ફ્લોર, તા-ભિલોડા, જી.અરવલ્લી મો.નં-૯૯૨૫૧૯૮૩૭૨
રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકિકત લખાવુ છું કે,હું ઉપર બતાવેલ ઠેકાણેનો વતની છું અને છેલ્લા પાંચેક વર્ષથી
ભિલોડામાં આવેલ સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્સિયલ લિમીટેડ નામની પ્રાઇવેટ કંપનીની બ્રાન્ચમાંક્લસ્ટર મેનેજર તરીકે નોકરી કરૂ
છું. અમારી ઓફીસ ભિલોડા જુલેલાલ મંદીરની સામે આવેલ માણેકબા સોસાયટી પુરૂસોત્તમદાસ સિંધિના મકાન નંબર-૫
ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ છે.અમારીફાઇનાન્સ કંપનીનીમુખ્ય ઓફીસ ગેલેક્ષી વીંગ-બી, ૧૬ મો માળ, પ્લોટ નં-૧, મકાનનંબર
૮૩/૧, હૈદરાબાદ નોલેજ સીટી TSIICરાયદુર્ગ હૈદરબાદ તેલંગાણા ખાતે આવેલ છે અને મારી નીચે સાતથી આઠ માણસો કામ
કરે છે. મેં ગ્રેજ્યુએશન સુધી અભ્યાસ કરેલ છે.મારે સંતાનમાં ત્રણ દીકરીઓ નામે દેવાંશી તે પછી પ્રિયાંશી અને સૌથી નાની
કીયાંશીછે.મારી પત્નિનુ નામ લીલાબેન છે.
અમારી ઉપરોકત ફાઇનાન્સિયલ કંપનીમાં લોન ઓફીસર દ્વારા ગામડાઓમાં જઇ મહીલાઓના જુથ બનાવી લોન આપવાનું
કામ કરવામાં આવે છે. તે લોનના માસીક અલગ-અલગ હપ્તા બાંધવામાં આવે છે અને જે લોનના હપ્તાની રીકવરીનુ
કામપણ અમારી કંપની ધ્વારા નિમણુક પામેલ લોન ઓફીસર દ્વારા કરવામાં આવે છે અને અમો અમારી કંપની તરફથી
અલગ-અલગ પ્રકારની ગ્રાહકોને લોન પાસ કરી આપીએ છીએ. જે ગ્રાહકોના લોનના હપ્તા કલેકસનકરવા માટે અમારી
ઉપરોકત ફાઇનાન્સિયલ કંપનીમાં લોન ઓફીસરની નિમણુક કરેલ હોય, જેમનું કામ ગ્રાહકો પાસેથી લોનના હપ્તાના નાંણા
કલેક્સન કરી તે નાંણા અમારી ઓફીસમાં જમાં કરાવવાના હોય છે અનેઅમારી ભિલોડાશાખાની ઓફીસમાં ફીલ્ડ-વર્ક (લોન
ઓફિસર) તરીકે લોનના હપ્તાના નાણા પરત લેવા માટે લોન ઓફિસર તરીકે (૧)મેહુલભાઇ મુકેશભાઇ ચૌહાણ ઉ.વ.૨૪
રહેવાસી - ગામ-ટોટુ-૨,આંબાગામ, તા.બાયડ, જી.અરવલ્લીવાળાનીગઇ તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ નિમણુંક કરવામાં આવેલ
તથા (૨) તુલસીભાઇ ગમારભાઇ ખાંટ ઉ.વ.૨૯ રહેવાસી ગામ -હાથી-ખાંટના મુવાડા(ઉભરાણ),તા-
માલપુર,જી.અરવલ્લીવાળાની નિમણુંક ગઇ તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજકરવામાં આવેલ તથા (૩) શૈલેષકુમાર દિનેશભાઇ
પરમાર ઉ.વ.૨૪ રહેવાસી ગામ-ડાન્ડીયાપુર વ્યાસ-વાસણા, તા.કપડવંજ, જી.ખેડાવાળાનીનિમણુંક ગઇ તા.૨૩/૦૭/૨૦૨૪ ના
રોજ કરવામાં આવેલ.આ ત્રણેય જણા અમારા ઉપરોકત ફાઇનાન્સિયલ કંપનીમાંલોન ઓફિસર તરીકે નોકરી કરતા હતાઅને
આ ત્રણેય જણાઓને કંપની તરફથી ગ્રાહકોને આપેલ લોનનાનાણા હપ્તા પેટે ઉઘરાવીગ્રાહકોના હપ્તાના નાણાકંપનીમાં જમા
કરાવવાનુકામકાજ સોંપેલહતું. શરૂઆતમાં તેઓ કંપની સાથે અમારી નીચે સારી રીતે કામ-કાજ કરતા હતા. ગઇ
તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ અમારી ભિલોડા મુકામે આવેલ બ્રાન્ચમાં કંપની દ્વારા ઓડીટ કરવામાં આવેલ, જે ઓડીટ ત્રણેક
દિવસ સુધીચાલેલ, જે પુર્ણ થયા બાદ ઓડીટ કરનારે અમોને જણાવેલ કે, અમારી ઉપરોકત ફાઇનાન્સિયલ કંપનીમાં કામ
કરતા મેહુલભાઇ મુકેશભાઇ ચૌહાણનાએગ્રાહકો પાસેથી કંપનીએ આપેલ લોનના નાણા કલેક્સન કરીતેમાંથી અમુક નાંણા
કંપનીમાં જમા કરાવેલ નથી, તેવી વાત કરતા અમોએ ઓડીટ રીપોર્ટ જાતેથી તપાસ કરતા આ મેહુલભાઇ ઉપરાંત
તુલસીભાઇ ગમારભાઇ ખાંટઅને શૈલેષકુમાર દિનેશભાઇ પરમારનાઓએ પણ અમુક નાણા કંપનીમાં જમા નહી કરાવેલ
હોવાનું જણાઇ આવતા અમોએ અમારી હૈદરાબાદ ખાતે આવેલ હેડ ઓફીસ ખાતે જાણ કરેલી. આ અંગે કંપની દ્વારા તપાસ
કરાવતા અમારી ઉપરોકત ફાઇનાન્સિયલ કંપનીમાં લોનઓફીસર(ફિલ્ડ વર્ક) તરીકે કામ કરતા (૧)મેહુલભાઇ મુકેશભાઇ
ચૌહાણનાઓએ ગઇ તા.૧૦/૧૧/૨૦૨૩ થી તા.૧૦/૦૯/૨૦૨૪ સુધીમાં કુલ રૂ.૩,૫૫,૭૪૦/-તથા (૨) તુલસીભાઇ ગમારભાઇ
ખાંટનાઓએ ગઇ તા.૧૦/૧૧/૨૦૨૩ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સુધીમાં કુલ રૂ.૪,૫૨,૪૪૦/-તથા (૩)શૈલેષકુમાર દિનેશભાઇ
પરમારનાઓએ ગઇ તા.૦૨/૧૦/૨૦૨૪ થી તા.૦૭/૦૪/૨૦૨૫ સુધીમાં કુલ રૂ.૨,૬૨,૨૪૨/- એમઆ ત્રણેયજણાએ
કુલરૂ.૧૦,૭૦,૪૨૨/- આજદીન સુધી કંપનીમાં જમાં કરાવેલ નહી.જેમાં તુલસીભાઇ અને શૈલેષભાઇ નાઓએ કંપનીના ઓડીટ
બાદ પણ ગ્રાહકો પાસેથી પૈસા ઉઘરાવવાનુ ચાલુ રાખેલ. કંપનીએ ત્રણેય ઇસમોને નોકરીમાંથી કંપનીના નિયમ મુજબ કાઢી
મુકેલ છે અને આજદિન સુધી ત્રણેય ઇસમોએ ઉપરોક્ત રકમ કંપનીમાં જમાં નહિ કરાવી, પોતાના અંગત વપરાશ સારૂ
ઉપયોગ કરી, કંપની સાથે વિશ્વાસઘાત કરેલ હોય,કંપની તરફથી મને આ ત્રણેય જણા વિરુધ્ધ ફરીયાદ કરવા અધિકૃત
કરવામાં આવેલ હોય, આજરોજ હુ ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા ફરીયાદ કરવા આવેલ છુ.
મારા સાહેદો પોલીસ તપાસમાં મળી આવે તે વિગેરે છે.
એટલી મારી ફરીયાદ હકિકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

રૂબરૂ

(બુન્નાબેન કાન્તીભાઇ)
પોલીસ સ્ટેશન ઓફીસર
ભીલોડા પોલીસ સ્ટેશન

13 **Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:**
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) **Registered the case and took up the investigation or**(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) **Directed (Name of I.O.) take up the Investigation or**(તપાસ કરનાર અધિકારીનું નામ):- હિતેન્દ્રસિહ ભુપતસિહ રાઠોડ **Rank**(હોદ્દો):- પોલીસ સબ ઇન્સપેક્ટર
**No.:- hbr240572 to take up the Investigation or**(નંબર)

**F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.**
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

**R.O.A.C.**
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

**Signature of Officer in charge, Police Station**
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 **Signature/Thumb Impression of the complainant/informant.**
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગુઠાની છાપ)

| | | | |
|---|---|---|---|
| **Name** (નામ) | બુન્નાબેન કાંન્તીભાઇ મનાત | | |
| **Rank** (હોદ્દો) | આસીસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર | **GPF No** (જીપીએફ નંબર) | bkm010688 |

15 **Date and time of dispatch to the court.** (ફરિયાદ કોર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) 02/07/2025 17:40